| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૨–૦૩–૨૦૨૧ |
| રજી. તારીખ | : | ૧૨–૦૩–૨૦૨૧ |
| નિકાલ તારીખ | : | ૦૨–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ |

**<u>ઝઘડીયા ના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મુ.ઝઘડીયા, જી.ભરૂચ.</u>**

**<u>ક્રિ.પ.અ.નં.૨૩/૨૦૨૧</u>**
**આંક:–**

**અરજદાર:– ૧. જયોતિબેન પ્રવિણભાઈની દિકરી તે સુનીલભાઈ વસાવાની પત્ની.**
**રહે. કુલવાડી,તા.ઝઘડીયા,જી.ભરૂચ.**

**–:: <u>વિરુધ્ધ</u> ::–**

**સામાવાળા:– ૧ સુનીલભાઈ જયંતીભાઈ વસાવા,**
**રહે. મોરા ફળીયુ કોંઢ,તા.વાલીયા,જી. ભરૂચ.**

| | |
|---|---|
| **બાબત:** | **ઘરેલુ હિંસાથી સ્ત્રીઓના રક્ષણ માટેના અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જરૂરી આદેશા મેળવવાની અરજી બાબત.....** |

=====================================================

**અરજદાર તરફે વિ.વ.શ્રી ડી.એમ.રાંદેરીયા**
**સામાવાળા તરફે વિ.વ.શ્રી બી.આર.શાહ**

=====================================================

***<u>–:: ઠ રા વ ::–</u>***

(૧) અરજદાર ની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના અરજદારના લગ્ન સામાવાળા જોડે તા. ૧૮/૦૨/૧૭ ના રોજ થયેલ અને લગ્ન વખતે અરજદાર લગ્ન વખતે આપવામા આવેલ તમામ

ચીજવસ્તુઓ ને દર દાગીનાઓ સામાવાળાના ઘરે કોંઢ મુકામે સાથે લઈને ગયેલા. લગ્ન બાદ આરંભમા સામાવાળાએ અરજદારને સારી રીતે રાખ્યા બાદ સામાવાળાના ઘરના સભ્યોએ સામાવાળાને અરજદારની વિરૂધ્ધ ચઢામણી કરાવતા હતા અને અરજદાર તેના પિતાના ઘરમાથી ઓછુ કરીયાવર લાવેલ હોય અને અરજદારના પિતાને સામાવાળાને ધંધો ચાલુ કરાવી આપવા કહી મ્હેણા ટોણા મારતા હતા અને સામાવાળા પણ દારૂ પી અરજદારને માર મારતા હતા અને અડધી રાત્રે પણ અરજદારને ઘરમાથી કાઢી મુકતા હતા. જેથી તે બાબતે અરજદારે તેણીના પિતાને કહેતા અરજદારના પિતાએ સામાવાળાને પાનનો ગલ્લો ચાલુ કરાવી આપેલ. પરંતુ સામાવાળાની લાલચમા વધારો થતા અરજદારને તેણીના પિયરેથી રૂપીયા લઈ આવવાનુ કહેલ અને જો ન લઈ આવે તો ઘરમાથી કાઢી મુકવાનુ કહેલ અને અરજદારને સામાવાળાને સમજાવવા છતા સામાવાળા માનેલ નહી અને અરજદારને ઘરમાથી જતી રહે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ.

વધુમા અરજદારણે તેણીની અરજીમા જણાવેલ છે કે, આમ, સામાવાળાના માતા અને બહેન સામાવાળાની વારંવાર ચઢામણી કરી અરજદારને મારવા ઉશ્કેરણી કરે છે અને સામાવાળાએ અરજદારને રૂપીયા લઈ આવવાનુ કહી અરજદારને ઘરમાથી કાઢી મુકેલ અને એક દિવસ જયારે અરજદારના માતા પિતા ઘરે ન હતા ત્યારે તેનો લાભ લઈ સામાવાળાએ અરજદારના પિયરમા આવી અરજદારને ખુબ માર મારેલ તેમજ સામાવાળા તેમના સમાજમા તેઓ અરજદારને લાવવાના નથી તેઓ પૈસાવાળી છોકરી સાથે લગ્ન કરવાના છે, અરજદારને છુટા કરવાના છે તેવી

અફવાઓ ફેલાવી સામાવાળા તેમના માતા અને બહેન સાથે અરજદારને ખુબ જ ત્રાસ આપે છે.

વધુમા અરજદારણે તેણીની અરજીમા જણાવેલ છે કે, સામાવાળાએ અરજદારનો ત્યાગ કર્યા બાદ તેણીના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી અને અરજદાર કોઈ કામ ધંધો કે હુન્નર જાણતા નથી જેથી તેઓના પિતાના ઘરે ઓશીયાળુ જીવન જીવે છે. આ કામના સામાવાળા ઝઘડીયા મુકામે નોકરી કરે છે, પાનનો ગલ્લો ચલાવે છે અને દર મહિને રૂા. ૫૦ થી ૬૦ હજાર કમાય છે અને ગામમા તેમની ખેતીની જમીન છે અને અન્ય લોકોની ૧૦ થી ૧૫ એકર જમીન ગણોતે ખેડવા માટે રાખે છે અને દર મહિને રૂા. ૬૦ થી ૭૦ હજાર કમાય છે. આ કામના સામાવાળાને અરજદાર સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી.

આમ, અરજદારણે ઉપરોકત હકીકતો જણાવી સામાવાળા પાસેથી ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ અને રૂલ્સ ૨૦૦૬ અધિનિયમની કલમ મુજબ સદર અરજીના પેરા–૧૦ માં મુદા નં. (૧૦/૧) થી (૧૦/૧૪) સુધીની દાદ માંગતી અરજી કરેલ છે.

**(૨) આ કામના સામાવાળાએ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ અરજદારની અરજી વિરૂધ્ધ આંક–૮ થી લેખિત જવાબ રજુ રાખી અરજદારની અરજીમાં જણાવેલ હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે,** આ કામના અરજદાર સામાવાળાના ઘરે કોંઢ મુકામે લગ્ન કરીને આવ્યા ત્યારે કોઈ કીંમતી ચીજવસ્તુ કે સર સામાન લઈને આવેલ નહી. પરંતુ થોડાક કપડા અને થોડોક સામાન લઈને આવેલા. અરજદારનો જે કઈ પણ સરસામાન અને

કપડા લત્તા હતા તે અરજદાર તેમની સાથે લઈ ગયેલ છે અને હાલમા સામાવાળા પાસે કોઈ કિંમતી ચીજવસ્તુ કે અન્ય સરસામાન કે સ્ત્રી ધન મોજુદ નથી. આ કામના અરજદાર લગ્ન કરીને આવ્યા બાદ સામાવાળા અને તેમના ઘરના સભ્યો અરજદારને સારી રીતે રાખતા હતા. પરંતુ અરજદાર સામાવાળાને અલગ રહેવા દબાણ કરતા હતા અને અરજદારના માતા પિતાની તબીયત નાદુરસ્ત હોવાના કારણે અલગ રહેવાની ના પાડતા હતા. જેથી અરજદાર સામાવાળા સાથે ઝઘડો કરતા હતા. આમ, સામાવાળા અરજદારનો તમામ ત્રાસ સહન કરતા હતા.

વધુમા સામાવાળાએ તેઓના લેખિત જવાબમા જણાવેલ છે કે, લગ્ન બાદ અરજદાર ગર્ભવતી બનેલ હોય અને અરજદાર બાળક રાખવા માંગતા ન હોય તેઓના પિયરમા રહેવા જવાનુ કહી ત્યા સામાવાળાની સંમતિ વગર સામાવાળાની જાણ બહાર ગર્ભનાશક દવા લઈ ગર્ભ કઢાવી નાખેલ અને જે બાબતની જાણ સામાવાળાને થતા સામાવાળાએ તે બાબતે અરજદારને ઠપકો આપતા અરજદારણે સામાવાળા સાથે ખોટો ઝઘડો ઉભો કરેલ અને ફરીથી તેણીના પિતાના ઘરે ચાલ્યા ગયેલ. ત્યારબાદ સામાવાળા તથા તેમના ઘરના સભ્યો અરજદારના પિતાના ઘરે કુલવાડી મુકામે ગયેલા ત્યારે અરજદાર અને તેમના ઘરના સભ્યો સામવાળા તથા તેમના માતા પિતાનુ અપમાન કરી ઘરમાથી કાઢી મુકેલ. ત્યારબાદ સમાજના માણસો વચ્ચે પડતા અરજદારના પિતાને પોતાની ભુલ સમજાતા અરજદાર ફરીથી સામાવાળાના ઘરે રહેવા આવેલ. પરંતુ સામાવાળાના ઘરે પરત આવ્યાના અઠવાડીયામા જ અરજદાર અલગ રહેવાની જીદ કરવા લાગેલા પરંતુ સામાવાળાના શીરે તેઓના માતા પિતાની જવાબદારી હોય અરજદારને તે બાબતે સ્પષ્ટ ના પાડી દેતા અરજદાર

તેમના ઘરના સભ્યો સાથે સુમેળ રાખતા ન હતા અને એક દિવસે સામાવાળા ઘરે  હાજર ન હતા ત્યારે અરજદાર તેમના ઘરેથી રોકડ રૂપીયા અને કિંમતી ચીજવસ્તુઓ લઈ તેણીના પિતાના ઘરે ચાલી ગયેલ. જેની જાણ સામાવાળાને થતા સામાવાળાએ વાલીયા પોલીસ સ્ટેશનમા અરજદાર અને તેમના ઘરનાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલ અને અરજદારે પોતાનુ જુઠાણુ છુપાવવાના બદ ઈરાદે નામ. કોર્ટમા ખોટી અરજી દાખલ કરેલ છે.

વધુમા સામાવાળાએ તેઓના લેખિત જવાબમા જણાવેલ છે કે, આ કામના અરજદારણે અરજી કર્યા બાદ પણ સામાવાળા અરજદારણને તેઓના ઘરે તેડને લઈ ગયેલા અને અલગ ઘર ભાડે રાખી રહેતા હતા અને તે સમયે અરજદારણ સામાવાળાને તેમની સાથે ઘર જમાઈ તરીકે રાખી દારૂનો ગે.કા ધંધો કરવા માટે દબાણ કરતા હોય અને સામાવાળા તે માટે સંમત  ન થતા અરજદાર ફરી તેમના પિતાના ઘરે કુલવાડી મુકામે ચાલ્યા ગયેલ અને હાલની ખોટી અરજી સામાવાળા વિરૂધ્ધ કરેલ છે. સામાવાળાએ અરજદાર પાસેથી કયારેય કોઈ દહેજની રકમની માંગણી કરેલ નથી કે અરજદારના પિતાએ સામાવાળાને કોઈ ગલ્લો ખોલી આપેલ નથી. પરંતુ અરજદારણ સામાવાળાના ઘરેથી ૫૩ હજારની રકમ તથા કિંમતી ઘરેણા લઈ ગયેલ હોય તે અંગેની વાલીયા પો.સ્ટેમાં ફરીયાદ આપેલ છે.

વધુમા સામાવાળાએ તેઓના લેખિત જવાબમા જણાવેલ છે કે, સામાવાળા હાલ કોંઢ, તા. વાલીયા ખાતે છુટક મજુરી કરી માસિક રૂા. ૪૫૦૦/- કમાય છે અને તે આવકમાથી તેમના માતા પિતાને ડાયાબિટીસ પ્રેશરની બિમારી હોય તેમની દવા પાછળ રૂા. ૧૫૦૦/- માસિક ખર્ચ થાય છે અને બાકી રહેતી રકમમાથી તેમના કુટુંબનુ ભરણપોષણ કરે છે. આ કામના અરજદાર તથા તેઓના  પિતા દારૂનો ધંધો કરી માસિક રૂા. ૪૦ હજાર કમાય

છે અને અરજદારના પિતાની અનાજ કરીયાણાની દુકાન હોય તેમા ગેરકાયદેસર ધંધો કરી માસિક રૂા. ૪૦ હજાર કમાય છે. અરજદારના પિતાનુ કુલવાડી મુકામે પાકુ મકાન આવેલ છે તેમજ અરજદારના ભાઈ ઝઘડીયા જી.આઈ.ડી.સીમા આવેલ બિરલા સેન્ચુરી ખાતે કરીયાણાની દુકાન ચલાવી મહિને ૫૦ હજાર કમાય છે તેમજ કુલવાડી ચોકડી ખાતે અરજદારનો બીજો ભાઈ ચા નાસ્તાની દુકાન ચલાવી મહિને ૩૦ હજાર કમાય છે તેમજ અરજદારના માતા અનાજ દળવાની ઘંટી ચલાવી સાથે દારૂનો ગે.કા ધંધો કરી મહિને રૂા. ૨૫ હજાર કમાય છે તેમજ ઘરમા રૂમો ભાડેથી આપી મહિને રૂા. ૧૫ હજાર કમાય છે. આમ, અરજદારની આર્થિક સ્થિતિ સારી હોય અને અરજદારણે તેણીની અરજીમા તમામ હકીકતો ખોટી જણાવેલ છે. વધુમા અરજદારે નામ. કોર્ટમા ક્રિ.પ.અ.નં. ૨૨/૨૦૨૧ થી ભરણપોષણ મેળવવા અરજી દાખલ કરેલ છે. આમ, આ કામના અરજદાર જાતે જ તેઓના પિતાના ઘરે રહેતા આવેલ છે અને સામાવાળાનો વિના કારણે ત્યાગ કરેલ છે. જેથી અરજદારણની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામમાં અરજદાર તરફથી મૌખિક પુરાવો રજુ થયેલ છે.પરંતુ દસ્તાવેજી પુરાવો રજુ થયયેલ નથી.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | અરજદાર જયોતીબેનની સોગંદ પરની જુબાની |

**અરજદાર તરફે આંક–૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરેલ છે.**

(૪) આ કામમાં સામાવાળા તરફથી મૌખિક પુરાવો રજુ થયેલ છે.પરંતુ દસ્તાવેજી પુરાવો રજુ થયયેલ નથી.

**<u>મૌખિક પુરાવો</u>**

| **ક્રમ** | **આંક/ નિશાની** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૬ | સામાવાળા સુનીલભાઈની સોગંદ પરની જુબાની |

**અરજદાર તરફે આંક–૧૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરેલ છે.**

(૫) સદર કામે પક્ષકારોએ પોતાનો પુરાવો પૂરો થયાનું જાહેર કર્યા બાદ સદર કામે અરજદાર તથા સામાવાળાના વિ.વ.શ્રીનાઓની મૌખીક દલીલો સાંભળેલ છે. અરજદાર અને સામાવાળાએ નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા **રજનેશ વિ. નેહા AIR 2021 SC 569** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ તેઓના આવક અંગેના સોગંદનામા રજુ કરેલ નથી.

(૬) આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો તથા અરજદાર પક્ષની દલીલ તથા ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા અધિનિયમની જોગવાય ધ્યાને લેતા સદહુ અરજીના નિર્ણય સારુ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

–:<u>મુદ્દાઓ:–</u>

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, અરજદાર પ્રત્યે આ કામના સામાવાળાઓએ ઘરેલુ હિંસા આચરેલ છે ?

૨. શું અરજદાર તેઓની અરજીમાં માંગ્યા મુજબની દાદો મેળવવા હકકદાર છે?

૩. શું હુકમ ?

**(૬.૧)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) અંશત: હકારાત્મક

(૨) અંશત: હકારાત્મક

(૩) આખરી હુકમ મુજબ.

**--:<u>કારણો :</u>--**

**<u>મુદ્દા નં.(૧)</u>**

**(૭)** આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા, આ કામે અરજદાર, સામાવાળા નં.૧ ના પત્ની હોય તે બાબતે સામાવાળા તરફે કોઈ તકરાર લેવામા ંઆવેલ હોય તેવુ રેકર્ડ ઉપરના પુરાવાથી જણાઈ આવતુ નથી ત્યારે રેકર્ડ ઉપરની એ હકીકત નિર્વિવાદ હકીકત છે.

**(૭.૧)** હવે, આ કામના સામાવાળા દવારા અરજદાર પ્રત્યે ઘરેલુ હિંસાખોરીના કાયદાની કલમ-૩ મુજબ ઘરેલુ હિંસા આચરેલ છે કે કેમ? તે અંગે રેકર્ડ ઉપરના પુરાવાનું મુલ્યાંકન, ઘરેલુ હિંસાખોરીના કાયદાનો હેતુ ધ્યાને લઈ કરવામા આવે તો,ઘરેલુ હિંસાખોરીના કાયદાનો હેતુ ભોગ બનનાર સ્ત્રીને (વ્યથીત પક્ષકારને) તેના કુટુંબ તરફથી આચરવામા આવતી કોઈ પણ જાતની હિંસાથી કે તેને લગતી કોઈ પણ બાબતે બંધારણ દ્વારા તેઓને આપવામા આવેલ હકકોનું વધુ સચોટ રીતે રક્ષણ કરવાનું

છે. ત્યારે કાયદાનો આ હેતુ તથા ઘરેલુ હિંસાના આ કાયદામાં આપવામા આવેલ વ્યાખ્યાઓ ધ્યાને લઈ રેકર્ડ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે તો, એટલી હકીકત નિર્વિવાદ છે કે, હાલમાં આ કામના અરજદાર તેઓના પિયરમાં રહે છે. અને આ કામના સામાવાળા દવારા તેમના ભરણપોષણની કે અન્ય કોઈ જવાબદારીઓ સામાવાળા દવારા નિભાવવામા આવેલ નથી. વધુમાં આ કામે અરજદાર દવારા સોગંદ ઉપર આપવામા આવેલ આંક–૧૨ નો પુરાવો ધ્યાને લેવામા આવે તો તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓની અરજીની હકીકતને વળગી રહીને પુરાવો આપેલો છે.

**ત્યારબાદ અરજદારની સામાવાળા તરફે ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે,** '' હું ધોરણ દસ સુધી ભણેલ છુ. એ વાત ખરી છે કે સામાવાળાથી પાંચ વરસથી અલગ રહેતી આવી છુ. એ વાત ખરી છે હાલની અરજીના કામે અને ભરણપોષણની અરજીના કામે સામાવાળા તેડવાના પ્રયત્નો કરેલા હોય જેથી અમો કામ ઉભુ રાખી સામાવાળાના ઘરે પત્નિ તરીકે રહેવા ગયેલ. મેં મારૂ સરતપાસનુ સોગંદનામુ વાંચેલ છે. એ વાત ખરી છે કે મારૂ ભરણપોષણ બંધાયેલ છે તેવી હકીકત મેં મારા સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે પેરા ૦૩ માં જનાવેલ આક્ષેપો બાબતની કોઇ ફરીયાદ મેં કરેલી નથી કે એવા કોઇ દસ્તાવેજી પુરાવા અરજીના કામે કે સરતપાસના સોગંદનામા સાથે રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે મેં ગર્ભ કઢાવ્યા બાદ આ હકીકત સામાવાળાને ખબર પડતાં તેઓએ

મને ઠપકો આપતાં મેં આવેશમાં આવીને સામાવાળા વિરૂધ્ધ વાલીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આ ફરીયાદ આપ્યા બાદ વાલીયા પોલીસ સ્ટેશનમાં અમારી અને સામાવાળા વચ્ચે સમાધાન થતાં અમો સામાવળાના ઘરે પત્નિ તરીકે રહેવા ગયેલા. એ વાત ખરી છે કે આ બાબતની સામાવાળાએ અમારી વિરૂધ્ધ વાલીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે મારા પિતા દારૂનો ધંધો કરતા હોય તેઓ વિરૂધ્ધ ઘણાબધા કેસો થયેલા છે. મારે ૧૨૫ ની અરજીના કામે રૂ. ૩૦૦૦/- માસિક ભરણપોષણ બંધાયેલ છે. પ્રશ્ન: તમારા પિતા, તમારા ભાઇ શેનો ધંધો કરે છે?જવાબ: મારા પિતાનો ચા નો ગલ્લો છે, મારા ભાઇઓ ઘરે છે. અમારા પિતાની આશરે બે ત્રણ વરસથી અનાજ દળવાની ઘંટી આવેલી છે. મારા પિતાના નામે કુલવાડી ખાતે કોઇ મકાન આવેલુ નથી. કુલવાડી ખાતે આવેલુ અમારૂ મકાન મારા દાદાના નામે છે અને મારા દાદા હયાત છે અને અમે બધા એ જ ઘરમાં સાથે રહીએ છીએ. અમારી બિરલા સેન્ચુરી ખાતે કોઇ અનાજ દળવાની ઘંટી આવેલી નથી. એ વાત ખરી છે કે હાલની અરજી તેમજ ૧૨૫ ની અરજી સામાવાળા પાસે છુટાછેડા લેવા માટે કરેલી છે. પ્રશ્ન: અમે ઉભા કરેલા તમામ પ્રકરણો ભુલી સામાવાળા તમને પહેરેલ કપડે કોર્ટમાંથી આજેપણ તેડી જવા તૈયાર હોય તો તમે જવા તૈયાર છો?જવાબ: ના હું જવા તૈયાર નથી.એ વાત ખરી છે કે સામાવાળા કોર્ટના હુકમ મુજબ અમને ભરણપોષણ ચુકવતા આવેલા છે. એ વાત ખરી છે કે મારૂ સ્ત્રીધન કે મારી તમામ વસ્તુઓ સામાવાળા પાસે હોય અને તે પરત લેવા માટે મેં કોર્ટમાં કોઇ કાર્યવાહી આજદિન સુધી કરેલી નથી.

(૭.૨) આ કામના સામાવાળાને આંક–૧૬ થી તપાસવામાં આવેલા છે. જેમાં સામાવાળાએ તેઓના લેખિત જવાબમા જણાવ્યા મુજબની હકીકતો તેમની સોંગદ ઉપરની જુબાનીમા જણાવેલ છે અને અરજદારે તેઓની અરજી અને સોગંદનામામા જણાવેલ હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે.

સદર કામે અરજદાર તરફે સામાવાળાની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે આ કામના અરજદાર જ્યોતિબેન સાથે મારે ૨૦૧૭ માં લગ્ન થયેલા. એ વાત ખરી છે કે લગ્ન બાદ અમો અરજદાર સાથે કોંઢ તા. વાલીયા ખાતે રહેતા હતા.એ વાત ખરી છે કે અરજદારે મારી સામે ભરણપોષણનો કેસ કરેલો છે અને અમારી વિરૂધ્ધ હુકમ પણ થયેલો છે.પ્રશ્ન: તમોએ અરજદારને કાઢી મુક્યા પછી ભાડાની કોઇ રકમ ચુકવી છે?જવાબ: અરજદાર તેના પિતાના ઘરે રહેતી હોય ભાડાની કોઈ રકમ ચુકવેલ નથી. એ વાત ખરી છે કે મારી સામે અરજદારે વાલીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ પણ આપેલી અને તે કામે અમે સમાધાન પણ કરી લીધેલુ. એ વાત ખરી છે કે ત્યારબાદ થોડા દિવસ અમારી સાથે અરજદાર રહેલા ''.

(૭.૩) હાલની અરજી અને પડેલ પુરાવાનુ મુલ્યાંકન કરાતા હાલના અરજદાર અને સામાવાળાના પતિ–પત્નિ છે અને તે બાબતે કોઈ તકરાર બહાર આવેલ નથી. વધુમાં અરજદારની સરતપાસ જોતા તેમા તેઓની અરજી મુજબ જે આક્ષેપ કરેલ છે તે બાબતે સામવાાળાએ અરજદારોના ભરણપોષણની વ્યવસ્થા કરેલ નથી તેવી હકીકત બહાર આવેલ છે. વધુમા અરજદારની સામાવાળા

તરફે કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા **તેઓને ૧૨૫ ની અરજીના કામે રૂા. ૩૦૦૦/– માસિક ભરણપોષણ બંધાયેલ છે** તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ, અરજદારએ અગાઉ સામાવાળાની વિરૂધ્ધ ભરણપોષણનો કેસ કરેલ અને જે અરજીના કામે અરજદારને માસિક રૂા. ૩૦૦૦/– ભરણપોષણની રકમ બંધાયેલ હોવાનુ જણાઈ આવે છે જે હકીકતને અત્રે ધ્યાને લેવી જરૂરી બની રહે છે. વધુમાં હાલમાં અરજદાર તેઓના પીયરમાં રહે છે તે એક ર્નિવિવાદીત હકીકત છે. વધુમાં હાલના કામે અરજદારે ભરણપોષણ મેળવવા તથા રહેઠાણની યોગ્ય વ્યવસ્થા મેળવવા તથા અરજદારને થયેલ અન્ય ક્ષતિઓની પૂર્તિ મેળવવા માટે અરજદારે હાલની અરજી કરેલ છે. આમ સદરહુ રેકર્ડ પર બંને પક્ષકારોનો પુરાવો જોતા તેનુ મૂલ્યાંકન કરતા અરજદારને ભરણપોષણ મેળવવા તથા રહેઠાણની યોગ્ય વ્યવસ્થા મેળવવા તથા અરજદારને થયેલ અન્ય ક્ષતિઓની પૂર્તિ મેળવવા માટે હાલની અરજી કરેલ છે તે હકીકત સાબીત થાય છે. વધુમા સામાવાળા તરફે અરજદારની કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા " **તેણી ઉભા કરેલા તમામ પ્રકરણો ભુલી સામાવાળા તેઓને પહેરેલ કપડે કોર્ટમાથી આજે પણ તેડી જવા તૈયાર હોય તો જવા તૈયાર નથી** " તેવી હકીકત જણાવેલ છે. આમ, ઉપરોકત હકીકતો જોતા અરજદાર અને સામાવાળા વચ્ચે તકરાર હોવાની હકીકત જણાઈ આવે છે. આમ, ઉપરોકત હકીકત પરથી કોઈપણ સ્ત્રી શુ કામ પોતાના ચાલતા ઘર સંસારનો ત્યાગ કરે? તે બાબત પણ વિચારણીય છે. જેથી અરજદારે જે હકીકત તેમના પુરાવામા

જણાવેલ છે તે આંશીક રીતે પુરવાર થયેલ હોવાનુ માની લેવામા આવે તો તેમા કોઈ અતિશયોકિત નથી. આમ આ કામના અરજદારને, આ કામના સામાવાળા તરફથી શારીરીક, માનસીક ત્રાસ આપવામા આવતો હતો. જેથી તે સંજોગોમાં, ઘરેલુ હિંસા ખોરીના કાયદાની કલમ–૩ માં ઘરેલુ હિંસાની વ્યાખ્યા આપવામા આવેલ છે તે જોવામાં આવેતો, તે મુજબ કોઈપણ વ્યકિત પ્રત્યે શારીરીક, જાતીય, મૌખિક કે તેની લાગણી સાથે દુર વ્યવહાર કરવામા આવે કે તેની સાથે આર્થિક દુર વ્યવહાર કરવામા આવે તો તે તમામનો ઘરેલુ હિંસામાં સમાવેશ થાય છે. આમ, આ વ્યાખ્યા તથા રેકર્ડ ઉપરનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા અરજદાર પ્રત્યે સામાવાળાએ શારીરિક, માનસીક અને આર્થિક દુરવ્યવહાર આચરેલ હોવાનું તેમજ અરજદારની લાગણી સાથે દુરવ્યવહાર આચરેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલીત થાય છે અને તે સંજોગોમાં મુદા નંબર ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં.(૨):</u>**

(૮) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર જયારે આ કામના સામાવાળાઓએ અરજદાર પ્રત્યે ઘરેલુ હિંસા આચરેલાનું સાબીત થયેલ છે તે સંજોગોમાં શું અરજદાર તેમની અરજીમા માંગ્યા મુજબની દાદો મેળવવા હકકદાર છે કે કેમ? તે અંગે રેકર્ડ ઉપરના પુરાવાનું ઘરેલુ હિંસા ખોરીના કાયદાની વિવિઘ જોગવાયો ધ્યાને લઈ મુલ્યાંકન કરવામા આવે તો અરજદારે તેમની અરજીમાં આ કાયદાની કલમ–૧૮ મુજબ રક્ષણનો હુકમ મેળવવા દાદ માંગેલ છે તે દાદ અંગે આ કાયદાની કલમ–૧૮ જોવામાં આવે તો

જયારે મેજીસ્ટ્રેટને વ્યથિત વ્યકિત સાથે ઘરેલુ હિંસા થયેલ હોવાનું પ્રથમ દ્રષ્ટિએ સંતોષ થાય તો મેજીસ્ટ્રેટ કલમ–૧૮ મુજબ ઘરેલુ હિંસા આચરનાર સામે કલમ–૧૮ માં જણાંવ્યા મુજબના પ્રતિબંધો ફરમાવી શકે છે. આ કામે ઉપરોકત મુદા નં.૧ મા ચર્ચા કર્યા અનુસાર જયારે આ કામના સામાવાળાએ અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરેલ હોવાનું સાબીત થયેલ છે તે સંજોગોમાં આ કામના અરજદાર આ કામના સામાવાળા સામે આ કાયદાની કલમ–૧૮ તળે રક્ષણ(પ્રોટેકશનનો હુકમ) મેળવવા અરજદાર હકકદાર હોવાનું ઠરાવવામા આવે છે.જેથી આ અરજીના આખરી હુકમમાં જણાવ્યા મુજબના પ્રતિબંધો આ કામના સામાવાળા સામે ફરમાવવામાં આવે છે.

(૮.૧) અરજદારે તેમની અરજીમા આ કાયદાની કલમ–૧૯ મુજબ રહેઠાણનો હુકમ મેળવવા અરજ ટાઈટલમા લખેલ છે. આ કાયદાની કલમ–૧૯ ની જોગવાઈ જોવામાં આવે તો, આ કલમ મુજબ જયારે મેજીસ્ટ્રેટને કલમ–૧૨(૧)ની અરજીના નિકાલ કરતી વેળાએ એવો સંતોષ થાય કે, અરજદાર સાથે ઘરેલુ હિંસા બની છે તો મેજીસ્ટ્રેટ રહેઠાણનો હુકમ કરશે. આ કામે જયારે ઉપરોકત મુદા નં.૧ માં ચર્ચા કર્યા અનુસાર આ કામના સામાવાળાએ અરજદાર સાથે ઘરેલું હિંસા આચરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપરથી સાબીત થતી હોય તેને ના માનવાને કોઈ સ્થાન રહેતુ નથી. વધુમાં હાલના અરજદારની અરજી તથા તેઓનો મૌખીક પુરાવો જોતાં તેણી તેના પિયરમા રહે છે અને વધુમા અરજદારે દર માસે વિકલ્પે રૂ.૧૦,૦૦૦/– ભાડા માટે રહેઠાણ ની દાદ

માગેલ છે. પરંતુ હાલના કામે જે દાદ અરજદાર ધ્વારા માંગવામા આવેલ છે તે હાલમાં ગ્રામીણ વિસ્તારની તુલનામા વધુ પડતી જણાઈ આવે છે અને અરજદાર અરજી તારીખથી મકાન ભાડે રાખી ભાડુ ચુકવી રહેતા હોય તેવો પણ પુરાવો રજુ કરેલ નથી. પરંતુ સામાવાળાએ પણ અરજદારના રહેણાની વ્યવસ્થા કરેલ હોય તેવુ પુરવાર કરેલ નથી. જેથી અરજદારની સદર માંગણીને અંશત: મંજુર કરવામા આવે છે અને અરજદારને રહેણાંકની વ્યવસ્થા કરવા માટે **દર મહિને રૂા. ૧,૫૦૦/-(અંકે રૂપીયા એક હજાર પાંચસો પુરા) ભાડાની રકમ** મંજુર કરવામા આવે તો ન્યાયનુ હીત જળવાઈ રહે તેવુ પ્રમાણીક પણે માનવુ છે.

(૯) હવે આ કલમ અંગે અરજદાર દવારા માંગવામાં આવેલ દાદ અરજદારને આપી શકાય કે કેમ? તે અંગે જોવામાં આવે તો સદર કામ ચાલતા વિલંબ થવાની શકયતા હોય વચગાળાનુ ભરણપોષણ મેળવવા માંગણી કરેલ છે. વધુમા અરજદારણે તેણીની ઉલટતપાસમા તેઓને ૧૨૫ ની અરજીના કામે રૂા. ૩૦૦૦/- માસિક ભરણપોષણ બંધાયેલ છે તેમજ સામાવાળા કોર્ટના હુકમ મુજબ તેઓને ભરણપોષણ ચુકવતા આવેલા છે તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. વધુમા આ કામના સામાવાળા તરફે અરજદારની કરવામા આવેલ ઉલટતપાસમા અરજદારે કરેલ ૧૨૫ ની અરજીમા **માસિક ભરણપોષણ પેટે રૂા. ૩૦૦૦/-** અરજદારને ચુકવવાનો હુકમ કરવામા આવેલ છે તેવી હકીકત બહાર આવેલ છે તે હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે. આમ, જયારે અરજદારને અગાઉ માસિક

ભરણપોષણની રકમ ચુકવવાનો હુકમ થયેલ હોય અને તે હકીકતનો સ્વયં અરજદાર તેઓની ઉલટતપાસમા સ્વીકાર કરતા હોય ત્યારે તે બાબતે પુન: હુકમ કરવાની અત્રે કોઈ જરૂરીયાત જણાઈ આવતી નથી અને એકવાર અરજદારને મળવાપાત્ર ભરણપોષણની રકમ ચુકવવા અંગેનો હુકમ થયેલ હોય તો પછી તે બાબતે પુન: કોઈ હુકમ કરવો તે ઉચીત કહી શકાય નહી. જેથી અરજદાર ધ્વારા ભરણપોષણ અંગેની જે માંગણી કરવામા આવેલ છે તેને નામંજુર કરી કલમ–૨૩ મુજબ ની દાદ નામંજુર કરવામા આવેલ છે.

(૧૦) વધુમા અરજદારે તેઓની અરજીમા અરજદારને લગ્ન સમયે આપવામા આવેલ અરજદારનુ સ્ત્રીધન, ઘરવખરીનો સામાન તથા કપડા લત્તા પરત અપાવતી જે દાદ માંગેલ છે તે હકીકતના સમર્થનમા અરજદારે કોઈ જ સચોટ અને આધારભુત પુરાવાઓ રજુ કરેલ નથી. જેથી માત્ર અરજદારે જણાવેલ મૌખિક હકીકતોના આધારે અરજદારે તેણીની અરજીમા જણાવેલ હકીકત એકપક્ષી રીતે માની શકાય નહી. આમ, જયારે અરજદારે કોઈ જ સુસ્પષ્ટ પુરાવાઓ રજુ કરેલ ન હોય ત્યારે અરજદારે તેઓની અરજીમા માંગણી કરતી ઉપરોકત દાદ મંજુર કરી શકાય તેમ નથી. જેથી ઉપરોકત દાદ અન્વયે કોઈ હુકમ કરવામા આવતો નથી. વધુમા અરજદારે તે સિવાય તેઓની અરજીમા સામાવાળા કોઈપણ સ્થાવર કે જંગમ મિલકત કોઈને તબદીલ કરે કરાવે નહી કે સદર મિલકતો ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવી તેમજ સામાવાળાના બેંક

એકાઉન્ટ, લોકર, વીમા પોલીસીની જમા રકમ, એફ.ડી., પોસ્ટલ ડિપોઝીટ વિગેરે બાબતનો માહિતી કોર્ટમા રજુ કરતી જે દાદની માં ગણી કરેલ છે તે તમામ બાબત કાયદાકીય જોગવાઈઓને આધીન હોવાનુ જણાઈ આવતુ ન હોય અને તે અંગેની કાયદામા કોઈ સ્પષ્ટ જોગવાઈઓ કરવામા આવેલ ન હોય તે અંગે હુકમ કરવાનુ ઉચીત જણાઈ આવતુ નથી. જેથી અરજદારની ઉપરોકત બંને દાદો કાયદાને અધિન હોવાનુ જણાઈ આવતુ ન હોય તે અંગે કોઈ જ હુકમ કરવામા આવતો નથી.

(૧૧) વધુમાં આ કાયદાની કલમ–રર મુજબ સામાવાળા દવારા તેમના પ્રત્યે આચરવામા આવેલ ઘરેલુ હિંસાના કારણે તેમને થયેલ શારીરિક–માનસીક ત્રાસના વળતર અને નુકશાન પેટે રૂા. ૧૫,૦૦,૦૦૦/–ની માંગણી કરેલ છે. પરંતુ અરજદારે તેમની અરજીમાં તથા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને સામાવાળાના ત્રાસના કારણે તબીયત બગડવાથી મેડીકલ સારવારમાં ખર્ચા થયેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમા એક તબકકે અરજદારને ઉપરોકત કારણોસર મેડીકલ ટ્રીટમેન્ટ લેવાની જરૂર પડેલ હોય તો તે હકીકતને સત્ય સિઘ્ધ કરવા માટે અજરદારે કોર્ટ સમક્ષ મેડીકલ એવીડેન્સ રજુ કરવા જોઈતા હતા. પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લેતા તે હકીકતને પુરવાર કરવા માટે અરજદાર તરફે કોઈ જ મેડીકલ એવીડેન્સ રજુ કરવામા આવેલ નથી. આમ, માત્રને માત્ર અરજદારના મૌખિક કથન ઉપર આધાર રાખીને અરજદાર દાકતરી ખર્ચાઓમા ઉતરેલ હોય અને તેઓ આર્થિકરૂપે આહત થયેલ હોય તે

હકીકત સચોટ અને સ્પષ્ટ પુરાવાના અભાવે પુરવાર થયેલ માની શકાય નહી.

**(૧૧.૧)** વધુમા રેકર્ડ ઉપરના પુરાવાથી અગાઉ આ કામના અરજદારને સામાવાળા ધ્વારા ત્રાસ આપેલ હોવાની હકીકત અગાઉ પુરવાર થયેલ હોવાનુ પુરવાર થયેલ છે. તે સંજોગોમા આ કોર્ટને પક્ષકારોના લગ્ન જીવનનો ગાળો તથા પક્ષકારોનો ભવિષ્ય તથા અરજદાર પ્રત્યે આચરવામાં આવેલ ઘરેલું હિંસાનો પ્રકાર ધ્યાને લેતાં, આ કામના સામાવાળા પાસેથી અરજદારને ઘરેલું હિસા વગેરેના નુકસાન વળતર પેટે **કલમ ૨૨ મુજબ ઉચ્ચક રૂા.૫,૦૦૦/– (પાંચ હજાર પુરા)** એક જ વખત વળતર આપવુ ન્યાયીક જણાતુ હોય જેથી અંશત: મંજુર કરવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર સમગ્ર રીતે મુદા નં.૨ નો જવાબ અંશત: હકારમા આપી ન્યાયના હીતમાં મુદ્દા નંબર–૩ નો જવાબ અરજી તળે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:<u>આખરી હુકમ:–</u>**

//૧// અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

//૨// સામાવાળાએ અરજદાર પ્રત્યે શારીરીક માનસિક ઘરેલુ હિંસાનો કોઈ કૃત્ય કરવુ કે કરાવડાવવુ નહી તેવો હુકમ કરવામાં આવે છે.

//૩// સામાવાળા નંબર ૧ એ અરજદારને શારિરીક માનસિક ત્રાસ આપેલ હોય તેના વળતર પેટે **ઉચ્ચક રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરા** ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

//૪// સામાવાળા નંબર ૧ એ અરજદારને રહેણાંકની વ્યવસ્થા કરવા માટે **દર મહિને રૂા. ૧,૫૦૦/–(અંકે રૂપીયા એક હજાર પાંચસો પુરા) ભાડાની રકમ** ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

//૫// સામાવાળા નંબર ૧ એ ઉપરોકત હુકમ મુજબની રકમ સામાવાળાએ દિવસ–૩૦ માં અરજદારને ચુકવી આપવી.

//૬// આ હુકમની એક નકલ સબંધિત પોલીસ સ્ટેશનને જાણ સારુ મોકલવી.

//૭// પક્ષકારોને સદરહુ હુકમની નકલ મેળવવા અરજી કર્યેથી ઘરેલું હિંસાની કલમ–૨૪ મુજબ તેઓને આ હુકમની નકલ વિના મૂલ્યે પુરી પાડવી તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date : 02-04-2026** **( J.S.RATHORE )**

**Jhagadia.** **ADDI CIVIL JUDGE & J.M.F.C**

**JUDGE CODE NO. GJ01695**